# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 27-05-2024 Morning : 7.45 to 7.55
Day : Modday National News

**આકાશવાણી સમાચાર નીકિતા શાહ વાંચે છે.**

*************************************************

- ✓ લોકસભા ચૂંટણીના અંતિમ તબક્કા માટે ચૂંટણી પ્રચાર વેગવાન બન્યો છે
- ✓ રાજકોટના TRP ગેમઝોનની દુર્ઘટના અંગે ગુજરાતની વડી અદાલતમાં દાખલ સુઓમોટો અરજી અંગે આજે સુનાવણી
- ✓ ચક્રવાતી વાવાઝોડું રેમલ ગત મધ્યરાત્રિએ પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશના દરિયાકાંઠે ટકરાયું -.
- ✓ દિલ્હી પોલીસે નવજાત બાળકોની હૉસ્પિટલમાં સર્જાયેલી આગની દુર્ઘટના મામલે એક નિર્દેશક અને તબીબ સહિત બે આરોપીની ધરપકડ કરી.
- ✓ આઈપીએલની ફાઈનલ મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સે સનરાઈઝર્સ હૈદરાબાદને આઠ વિકેટે હરાવ્યું

********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# ELECTION CAMPAIGN OVERALL

લોકસભા ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કા માટે તમામ રાજકીય પક્ષ પૂરજોશમાં પ્રચાર કરી રહ્યા છે. ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રિય ગૃહ મંત્રી અમિત શાહ આજે ઉત્તરપ્રદેશમાં કુશીનગર, બલિયા અને વારાણસીમાં જનસભા સંબોધશે. જ્યારે ભાજપના વરિષ્ઠ નેતા અને રાષ્ટ્રીય અધ્યક્ષ વારાણસીમાં વિવિધ પ્રચાર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

ભાજપના વરિષ્ઠ નેતા અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવ બિહારમાં પટનાના માનેરમાં, જનતા દળ યુનાઈટેડના પ્રમુખ અને બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર નાલંદા સંસદીય વિસ્તારમાં, કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પટનાસાહિબના ખૂસરુપુર અને પાટલીપુત્ર લોકસભા મતવિસ્તારના મણેરમાં, રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી પ્રસાદ યાદવ જહાનાબાદ, પાટલીપુત્ર અને અરાહ સંસદીય ક્ષેત્રોમાં જાહેરસભાઓને સંબોધશે.

# RAJKOT OVERALL

ગુજરાતની વડી અદાલતે રાજકોટના TRP ગેમઝોનમાં લાગેલી આગની ઘટના અંગે સુઓમોટો અરજી દાખલ કરી છે. ન્યાયમૂર્તિ બિરેન વૈષ્ણવ અને દેવેન દેસાઈની ખંડપીઠે રાજકોટ, વડોદરા, સુરત અને અમદાવાદ મહાનગરપાલિકા અને રાજ્ય સરકારને નોટિસ પાઠવીને આજે સુનાવણીમાં હાજર રહેવા જણાવ્યું છે.

ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ એસોસિએશનના વડા બ્રિજેશ ત્રિવેદી અને એડવોકેટ અમિત પંચાલે કોર્ટને જણાવ્યું હતું કે, અગ્નિ સુરક્ષા અંગે અલગ-અલગ અરજીઓ પર સૂચનાઓ આપી છે છતાં આવી ઘટનાઓ બની રહી છે. ટીઆરપી ગેમ ઝોન પાસે અગ્નિ સુરક્ષા અંગેના વાંધાજનક પ્રમાણપત્ર નથી. હાઈકોર્ટે એડવોકેટ એસોસિએશનના વડા બ્રિજેશ ત્રિવેદીએ સીટીંગ જજ દ્વારા આ મામલાની તપાસની માંગકરી હતી.  રાજકોટ ગેમ ઝોનમાં આગની ઘટનામાં રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં 6 લોકો સામે ફરિયાદ નોંધવામાં આવી છે. ક્રાઈમબ્રાન્ચે TRP ગેમ ઝોનના માલિક યુવરાજસિંહ સોલંકી સહિત બેની ધરપકડ કરી છે.

રાજ્યના ગૃહવિભાગે રાજકોટના ગેમઝોન દુઘટનાની તપાસ માટે ગુના તપાસ વિભાગના અધિક પોલીસ મહાનિદેશક સુભાષ ત્રિવેદીના અધ્યક્ષસ્થાને પાંચ સભ્યોની ખાસ તપાસ ટુકડીની નિમણૂંક કરી છે અને આગામી દસ દિવસમાં આ ઘટનાનો વિસ્તૃત અહેવાલ રજુ કરવા કહેવામાં આવ્યું છે. ગાંધીનગરની ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળામાં રાજકોટ ગેમઝોનના મૃતકોના પરિજનોનું ડીએનએ પરીક્ષણ બાદ મૃતદેહોના ડીએનએનું પરીક્ષણ કરવામાં આવશે. ડીએનએ મેચીંગ થયા બાદ મૃતદેહોને તેમના પરિવારજનોને સોંપવામાં આવશે.

# REMAL CYCLONE

ચક્રવાતી તોફાન રેમલ ગત મધ્યરાત્રિએ પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશના દરિયાકાંઠે ટકરાયું છે. આ માહિતી અલિપુર વિસ્તારના ચક્રવાત ચેતવણી કેન્દ્રના વડા હબીબુર રહેમાન વિશ્વાસે આપી હતી. આ વાવાઝોડું વધુ થોડા સમય માટે લગભગ ઉત્તર તરફ અને પછી ઉત્તર-ઉત્તર-પૂર્વ તરફ આગળ વધવાનું યથાવત્ રાખશે. આ ચક્રવાતના કારણે કોલકાતા સહિત કેટલાંક જિલ્લાઓમાં વાવાઝોડું અને ભારે વરસાદના કારણે અનેક વૃક્ષો ધરાશાયી થયા અને કાચા મકાનો રસ્તાઓને નુકસાન થયું છે.

રેમલ વાવાઝોડાના પગલે બાંગ્લાદેશના દરિયાકાંઠાના વિસ્તારોમાં વરસાદ થઈ રહ્યો છે. આ વિસ્તારોમાંથી અત્યાર સુધીમાં 8 લાખથી વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું. આ તમામ લોકોને આશ્રયસ્થાનોમાં સુરક્ષિત રીતે ખસેડવામાં આવ્યા છે તથા ભોજન, પાણી અને તબીબી સુવિધા આપવામાં આવી રહી છે. વાવાઝોડાના પગલે બાંગ્લાદેશના સુંદરવનનો મોટા ભાગનો વિસ્તાર ડૂબી જતા વન્ય પ્રાણીઓ માટે જોખમ ઊભું થયું છે. હવામાન વિભાગે આ સમયે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી છે.

# PM MODI MEETING ON REMAL

દરમિયાન ગઈકાલે ચક્રવાત રેમલ અંગે તૈયારીઓની સમીક્ષા કરવા નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન પ્રધાનમંત્રીને માહિતી આપવામાં આવી કે, રાષ્ટ્રીય કટોકટી વ્યવસ્થાપન સમિતિ પશ્ચિમ બંગાળ સરકાર સાથે સતત સંપર્કમાં છે. તમામ માછીમારોને દક્ષિણ બંગાળની ખાડી અને આંદામાન સમુદ્રમાંન જવાની સલાહ આપવામાં આવી છે. લગભગ એક લાખ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવી રહ્યા છે.

બેઠક દરમિયાન શ્રીમોદીએ ગૃહ મંત્રાલયને પરિસ્થિતિ પર નજર રાખવા સૂચના આપી હતી તથા પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં પહેલાથી જ તહેનાત કરાયેલી 12 રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તાની ટુકડીઓ ઉપરાંત વધુ ટુકડીઓને તૈયાર રાખવા જણાવ્યું હતું.

# MID BREAK- NEWS- REGIONAL

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# DELHI FIRE ACCUSED ARREST

દિલ્હી પોલીસે બાળકોની હૉસ્પિટલમાં આગની ઘટનામાં એક નિર્દેશક અને તબીબ સહિત બે આરોપીઓની ધરપકડ કરી છે. શાહદરા જિલ્લા પોલીસ કમિશનર સુરેન્દ્ર ચૌધરીએ જણાવ્યું કે, દિલ્હીના વિવેકવિહાર વિસ્તારમાં આવેલી બાળકોની હૉસ્પિટલમાં શનિવારે મોડીરાત્રે લાગેલી ભીષણ આગમાં 6 નવજાત શિશુના મૃત્યુ તેમ જ અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

દિલ્હીના ઉપરાજ્યપાલ વી.કે. સક્સેનાએ દિલ્હીના મુખ્યસચિવને આ દુ:ખદ ઘટનાઓની તપાસ કરવા કહ્યું છે. શ્રી સક્સેનાએ પોલીસ કમિશનરને તમામ જરૂરી પગલાં સુનિશ્ચિત કરવા પણ નિર્દેશ આપ્યો છે. દિલ્હી સરકારે પણ આ ઘટનાની મેજિસ્ટ્રેટ તપાસના આદેશ આપ્યા છે. શાહદરા જિલ્લા મેજિસ્ટ્રેટ અને જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન સત્તા આ આગની તપાસ કરશે. દિલ્હીના ઉપરાજ્યપાલ વી. કે. સક્સેના અને મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આગમાં નવજાત શિશુના મોત અંગે શોક વ્યક્ત કર્યો છે.

# IPL FINAL

ચેન્નઈના એમ. એ. ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાયેલી ઈન્ડીયન પ્રીમીયર લીગ – આઈપીએલની ફાઈનલ મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સ સનરાઈઝર્સ હૈદરાબાદને આઠ વિકેટે હરાવી વિજેતા બની હતી. સનરાઈઝર્સ હૈદરાબાદ માટે 114 રનના સામાન્ય લક્ષ્યાંકનો પીછો કરતા કોલકાતા નાઈટ રાઈડર્સે માત્ર 10 ઑવર અને ત્રણ બૉલમાં 2 વિકેટ પર 114 રન બનાવી લીધા હતા.

કોલકાતા નાઈટ રાઈડર્સ તરફથી વેન્કટેશ ઐયરે સૌથી વધુ અણનમ 52રન બનાવ્યા, ત્યારબાદ રહમાનુલ્લાહ ગુરબાઝે 39 રન બનાવ્યા. આ પહેલા સનરાઈઝર્સ હૈદરાબાદે ટૉસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય કર્યો. સનરાઈઝર્સ હૈદરાબાદની ટુકડી 18 ઑવર અને 3 બૉલમાં 113 રન બનાવી આઉટ થઈ ગઈ હતી. આ ટુકડી તરફથી સૌથી વધુ 24 રન પેટ કમિન્સે બનાવ્યા હતા, જ્યારે કોલકાતા નાઈટ રાઈડર્સ માટે આન્દ્રે રસેલે ત્રણ વિકેટ લીધી. આઈપીએલની ફાઈનલ મેચમાં માઈકલ સ્ટાર્કને પ્લેયર ઑફ દી મેચ જાહેર કરવામાં આવ્યા હતા.

# MAHARASHTRA CMSHINDE

મહારાષ્ટ્રમાં પુણેના કલ્યાણીનગરમાં પોર્શ કાર અકસ્માતની ઘટનાને ધ્યાનમાં રાખી મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ પોલીસને મુંબઈમાં પણ અનધિકૃત પબ અને બાર સામે કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો. મુંબઈમાં પત્રકારો સાથે સંવાદ કરતા શ્રી શિંદેએ કહ્યું કે, જે પબ કે બાર નિર્ધારિત સમય કરતાં વધુ ખૂલ્લા રહેશે તેની સામે કાર્યવાહી કરવામાં આવશે.

શ્રી શિંદેઓ કહ્યું કે, તેમણે પૂણે પોર્શ કાર અકસ્માત અંગે પોલીસ કમિશનર સાથે વાત કરી. તેમણે ખાતરી આપી છેકે, જે લોકો દોષિત હશે તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. 19 મેએ પૂણેના કલ્યાણીનગરમાં કથિત રીતે 17 વર્ષીય યુવક દ્વારા ચલાવવામાં આવેલી પોર્શ કાર એક મોટરસાઈકલ સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં 2 લોકોના મૃત્યુ નીપજ્યા હતા. પોલીસના જણાવ્યા મુજબ, ઘટના સમયે કિશોર કથિત રીતે ભાનમાં નહતો.

# S JAISHANKAR VARANASI

વિદેશ મંત્રી ડૉ. એસ જયશંકરે ગઈકાલે કહ્યું કે, વૈશ્વિક સ્તરે ભારતની પ્રતિષ્ઠા બદલાઈ ગઈ છે અને નવી દિલ્હીની વિદેશ નીતિની સફળતા તેની સ્થાનિક નીતિની અભિવ્યક્તિ છે.

વારાણસીમાં બનારસ ક્લબમાં યોજાયેલા 'ઈન્ડિયાઝ રાઈઝ ઈન ગ્લોબલ ડિપ્લોમસી' કાર્યક્રમમાં સંબોધતા શ્રી જયશંકરે કહ્યું, આજે ભારત અમેરિકા અને રશિયાથી લઈને ઈરાન અને ઈઝરાયેલ સુધીની સ્પર્ધાત્મક હિતોની સાથે ઘણી મોટી શક્તિઓ સાથે મજબૂત સંબંધો જાળવી રાખે છે અને એસ.સી.ઓ.અને બ્રિક્સ જેવા સંગઠનોનો ભાગ છે.

# NEPAL-PROTESTS.rtf

નેપાળમાં, કોંગ્રેસે ગૃહ મંત્રી રબી લામિછાને સામે  તપાસની માંગ સાથે વિરોધ પ્રદર્શન શરૂ કર્યા છે. કોંગ્રેસ, સહકારી ભંડોળના દુરૂપયોગની તપાસ માટે સંસદીય તપાસ સમિતિની રચના કરવાની માંગ કરી રહી છે, જેમાં ગૃહમંત્રી લામિછાનેનો પણ સમાવેશ થાય છે. કાઠમંડુ ખીણના સેંકડો વિપક્ષી કાર્યકર્તાઓએ સહકારી ભંડોળની ઉચાપતમાં સામેલ લોકો સામે કાર્યવાહીની માગ સાથે કાઠમંડુની શેરીઓમાં ગઈકાલે  પ્રદર્શન કર્યું હતું અને સહકારી છેતરપિંડી કરનાર સામે પગલાં લેવાની માંગ કરી હતી.

કોંગ્રેસ તેમજ તેના કાર્યકરોએ ગૃહમંત્રી રબી લામિછાનેના રાજીનામાની માંગણી સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા. વિરોધ પક્ષે જ્યાં સુધી લામિછાને તેમના પદ પરથી હટી ન જાય અને તપાસ શરૂ ન થાય ત્યાં સુધી વિરોધ ચાલુ રાખવાની પ્રતિજ્ઞા લીધી હતી.